RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 12, Dt.26-03-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિધાનસભાની પેટા ચૂંટણી માટે ભાજપે આયાતીઓને નવાજ્યા!

## ભાજપે ધારાસભાની પેટા ચૂંટણી માટે પોતાના પદ પરથી રાજીનામુ આપી આવેલાં તમામ ઉમેદવારોને ઈનામ સ્વરૂપે આપી ટિકીટ: પોરબંદરથી અર્જુન મોઢવાડિયા, વિજાપુરથી સી.જે. ચાવડા, ખંભાતથી ચિરાગ પટેલ, માણાવદરથી અરવિંદ લાડાણી અને વાઘોડિયા બેઠક પરથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચૂંટણી લડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાજપે ગુજરાતમાં પેટાચૂંટણીના ઉમેદવાર જાહેર કર્યા છે. જેઓ વિપક્ષમાંથી ભાજપમાં આવેલા છે તે તમામને ટિકિટ અપાઈ છે. જેમાં પોરબંદરથી અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી, ખંભાતથી ચિરાગ પટેલ, વાઘોડિયાથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને વિજાપુરથી સી.જે.ચાવડાને ટિકિટ અપાઈ છે. તો બીજી તરફ ગુજરાતમાં આ પાંચેય બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર જાહેર નથી કરાયા.



ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણીની તારીખ જાહેર કરી દીધી હતી. ગુજરાતમાં ગુજરાતમાં સાતમી મેએ લોકસભા લોકસભાની ૨૬ બેઠકો પર ચૂંટણી થશે. આ સાથે રાજ્યની ખાલી પડેલી છ બેઠકોમાંથી પાંચ વિધાનસભા બેઠકો (ખંભાત, વિજાપુર,વાઘોડિયા, પોરબંદર અને માણાવદર) પર પેટાચૂંટણી યોજાશે. ચૂંટણીના મતદાનની સાથે જ પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ યોજાશે. ૪ કોંગ્રેસ, ૧ આપ અને ૧ અપક્ષના નેતાએ પાર્ટી અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું અને આ નેતાઓએ ભાજપમાં પ્રવેશ કર્યો છે. જો કે, વિસાવદર બેઠક પણ ખાલી છે પરંતુ આ બેઠક પર પેટા ચૂંટણીમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

૧૮૨ સભ્યો વાળી ગુજરાત વિધાનસભાની ૨૦૨૨માં ચૂંટણી યોજાઈ હતી. તે સમયે ભાજપે રેકોર્ડ જીત મેળવતા ૧૫૬ બેઠકો પર જીત મેળવી હતી. ત્યારે કોંગ્રેસને ૧૭, આમ આદમી પાર્ટીને ૫, અપક્ષના ૩ અને સમાજવાદી પાર્ટીની ૧ બેઠક પર જીત મળી હતી. વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ અત્યાર સુધીમાં છ ધારાસભ્યો રાજીનામાં આપી ચૂક્યા છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભાની હાલની સ્થિતિ ભાજપના ૧૫૬, કોંગ્રેસ ૧૩, આમ આદમી પાર્ટી ૪, અપક્ષ ૨ અને સપાના ૧ ધારાસભ્ય છે. જેને લઈને આ ખાલી પડેલી છ વિધાનસભા બેઠકો માટે લોકસભા ચૂંટણીની સાથે જ પેટાચૂંટણી યોજાશે. ત્યારે આ બેઠકો પોતાના નામે કરવા રાજકીય પક્ષોએ કમર કસવી પડે તેમ છે.

## ભાજપમાં વિવાદનો વંટોળ યથાવતઃ સાબરકાંઠા બેઠક પર ભીખાજી ઠાકોરે ચૂંટણી લડવાની અનિચ્છા જાહેર કરતાં નવા ઉમેદવાર સામે વિરોધ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

લોકસભાની ચૂંટણી માટેનું બ્યુગલ વાગી ગયું છે, ત્યારે ભાજપે ગુજરાતમાં તમામ લોકસભા બેઠકો પરના ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. ભાજપે પાંચમી યાદીમાં છ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. જેમા બે ઉમેદવારો બદલ્યા છે તેમા સાબરકાંઠા બેઠકનો પણ સમાવેશ થાય છે. અહીં પહેલા ભીખાજી ઠાકોરને ટિકિટ આપી હતી, જો કે તેમણે ચૂંટણી ન લડવાની જાહેરાત કરતા ભાજપે નવા ઉમેદવાર જાહેર કર્યા છે. હવે અહીંથી ભાજપે શોભનાબેન બારૈયાને ટિકિટ આપી છે. પરંતુ તેમની સામે પણ વિરોધનો સૂર ઉઠ્યો છે. ઉલ્લેખનીય છે કે ભીખાજી ઠાકોરની અટકને લઈને પણ વિવાદ થયો હતો.

ભાજપે સાબરકાંઠા બેઠક પર શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાને ટિકિટ આપતા જ હિંમતમગર તાલુકા પંચાયતના સભ્ય જિતેન્દ્રસિંહએ પત્ર લખીને વિરોધ વ્યક્ત કર્યો છે. જિતેન્દ્રસિંહનું કહેવું છે કે, પભાજપે જાહેર કરેલા ઉમેદવાર ભાજપ કાર્યકર્તા ન હોવા છતા ટિકિટ આપી છે. કાર્યકર્તાના સ્થાને કાર્યકર્તાની પત્નીને ટિકિટ કેમ અપાઈ, શોભનાબેન નહીં, તેમના પતિ પક્ષના કાર્યકર છે. અહીં મહિલા કાર્યકર્તાને ટિકિટ આપવાની માંગ છે.થ કૌશલ્યાકુંવરબા પસંદ ના હોય તો અન્યને ટિકિટ આપો, શોભનાબેને પક્ષ માટે કોઈ કામ કર્યા નથી.થ ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસમાંથી આવેલા મહેન્દ્રસિંહ બારૈયાના પત્નીને ટિકિટ આપતા આ વિરોધ શરૂ થયો છે.

# ગાઝામાં તત્કાલ યુદ્ધ વિરામ માટે યુનોમાં પ્રસ્તાવ પસારઃ અમેરિકા મતદાનથી દૂર રહ્યું

## સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પહેલીવાર મુસ્લિમોના પવિત્ર રમઝાન માસ દરમિયાન સંઘર્ષ વિરામનું આહવાન કર્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈઝરાયેલ હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રમઝાનના પવિત્ર મહિનામાં રોકવાનાં આહવાન સાથે યુનો દ્વારા પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. મહત્વની વાત એ છે કે આ પ્રસ્તાવ પર મતદાન કરવાની અમેરીકા દુર રહ્યું હતું. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે સોમવારે પહેલી વાર મુસ્લિમોના પવિત્ર મહિના રમઝાન દરમ્યાન ગાઝામાં સંઘર્ષવિરામનું આહ્વાન કર્યું છે.

તેમણે તાત્કાલિક યુદ્ધ રોકવાની માગ કરી છે. અમેરિકા આ પ્રસ્તાવથી દૂર રહ્યું છે, જેમાં સાત ઓક્ટોબરે દક્ષિણી ઈઝરાયલમાં હમાસ દ્વારા અચાનક કરવામાં આવેલા હુમલા દરમ્યાન બંધક બનાવેલા તમામ લોકોને છુટા કરવાની માગ કરી છે.

રમઝાન મહિનો ૧૦ માર્ચથી નવ એપ્રિલ સુધી છે. તેનો અર્થ એ છે કે,




પ્રસ્તાવને મંજૂરી મળ્યા બાદ પણ સંઘર્ષ વિરામનો સમય ફક્ત બે અઠવાડીયા જ રહેશે. જો કે, ડ્રાફ્ટમાં કહેવાયું છે કે, સ્થાયી સંઘર્ષ વિરામ થવો જોઈએ. પહેલા આ પ્રસ્તાવ પર મતદાન શનિવારે સવારે થવાનું હતું, પણ તેના પ્રાયોજકોએ સોમવાર સવાર સુધી તેને સ્થગિત કરી દીધું.ઈઝરાયલના સહયોગી સંયુક્ત રાજ્ય અમેરિકા જે દર વર્ષે આ મામલામાં વીટો કરતું હતું. આ વખતે વોટિંગ દરમ્યાન ગેરહાજર રહ્યા. યૂએનએસસીમાં સંઘર્ષવિરામ પ્રસ્તાવને બહુમતથી પસાર કરવામાં આવ્યું. અમેરિકાને છોડતા સુરક્ષા પરિષદના અન્ય તમામ ૧૪ સભ્યોએ હામાં મતદાન કર્યું છે.


આ પ્રસ્તાવને સુરક્ષા પરિષદે ૧૦ નિર્વાચિત સભ્યો દ્વારા લાવવામાં આવ્યો હતો, જેને રશિયા અને ચીન તથા સંયુક્ત રાષ્ટ્રમાં ૨૨ દેશોના અરબ સમૂહનું સમર્થન મળ્યું હતું. તેથી તે પાસ થઈ જશે, તેવી આશા વ્યક્ત થઈ રહી હતી.

# દેશમાં કુબેરપતિઓની સંખ્યામાં પાંચ વર્ષમાં ૭૬ ટકાનો વધારોઃ ભારતમાં સુપર રીચની સંખ્યા ૧૩૧૯ પહોંચી

## હુરૂન ઈન્ડિયાના રીચ લીસ્ટમાં બહાર આવી વિગતોઃ આ રિપોર્ટ અનુસાર ગત વર્ષમાં અમીર લોકોની યાદીમાં ૨૧૬ લોકો જોડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતમાં ઝડપી આર્થિક વિકાસની વચ્ચે દેશમાં સુપર રિચ લોકોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં અમીર લોકોની સંખ્યામાં ૭૬%થી વધુનો વધારો થયો છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ અનુસાર, હાલમાં ભારતમાં ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ધરાવતા લોકોની સંખ્યા ૧૩૧૯ પર પહોંચી ગઈ છે. આ રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૩માં અમીર લોકોની યાદીમાં ૨૧૬ લોકો જોડાયા હતા. તે જ સમયે, સુપર રિચની આ ક્લબમાં ૨૭૮ નવા લોકો જોડાયા છે. ભારતમાં પહેલીવાર ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ




ધરાવતા લોકોની સંખ્યા ૧૩૦૦ને વટાવી ગઈ છે.

ભારતીય ધનકુબેર પણ આવનારા દિવસો માટે ઉત્સાહિત જણાય છે. હુરુન ગ્લોબલના ચેરમેન રુપર્ટ હુગેવર્ફે જણાવ્યું હતું કે, ભારતીય ઉદ્યોગપતિઓ વિશ્વના અન્ય દેશોના ઉદ્યોગપતિઓ કરતાં વધુ આત્મવિશ્વાસ ધરાવે છે. તેઓને લાગે છે કે નવું વર્ષ વધુ સારું રહેવાનું છે. જ્યારે વિશ્વના અન્ય ભાગોમાં આવું નથી. ચીનના ઉદ્યોગપતિઓ ૨૦૨૪-૨૫ ખરાબ રહેવાનો ભય વ્યક્ત કરી રહ્યા છે. યુરોપમાં પણ કોઈ આશાવાદ નથી.

ભારત અને ચીનના અમીરો વચ્ચેનો તફાવતઃ ભારત અને ચીનના અમીરોની સરખામણી કરતા હુગવર્ફે કહ્યું કે, બંને દેશોના અમીરોની યાદીમાં સામેલ લોકોમાં તફાવત છે. ભારતના કિસ્સામાં, કુટુંબ આધારિત માળખું છે, જેનું વ્યવસાય સામ્રાજ્ય પેઢીઓથી ચાલતું આવ્યું છે. જ્યારે ચીનમાં મલ્ટી જનરેશન બિઝનેસ હાઉસનો અભાવ છે. જો કે, કુટુંબ આધારિત માળખું બેધારી તલવાર ગણાય છે. આ પરંપરાને સમૃદ્ધ બનાવી શકે છે પરંતુ નવીનતાને અસર કરે છે.

# ટીબી સામે વિશ્વની પ્રથમ વેકસીનની ભારતમાં ક્લિનિકલ ટ્રાયલ શરૂ

## નવી વેક્સિન બાળકો ઉપરાંત તમામ વયના લોકો માટે હશેઃ હાલની બીસીજી ૧૦૦ વર્ષની થઈ

**મુખ્ય સમાચાર, હૈદ્રાબાદ**

ટ્યુબરકલોસિસ.... એટલે કે આપણે જેને ક્ષય-રોગ તરીકે ઓળખીએ છીએ અને તેને શ્વેત મૃત્યુ તરીકે પણ ઓળખવામાં આવે છે તેના કારણે ખાસ કરીને થતા મૃત્યુ એ ભારત માટે ચિંતાનું કારણ બની ગયા છે તે સમયે કોરોના કાળમાં જાણીતી થયેલી હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક દ્વારા વિશ્વની પ્રથમ માઈક્રોબેકટેરીયલ ટ્યુબરકલોસીસ વેકસીન જેને ખઝઇડઅઈતરીકે ઓળખવામાં આવે છે તેની કલીનીકલ ટ્રાયલ શરૂ કરી છે.

ભારત બાયોટેક ફાર્મા કંપની



બાયોફેબ્રી સાથે આ માટે સહયોગ કર્યા છે. ભારતમાં અને વિશ્વમાં હાલ ટીબી સામે સુરક્ષા આપે તેવી કોઈ વેકસીન નથી. દેશમાં હાલ બાળકોને બીસીજીની રસી આપવામાં આવે છે પણ તે એક તબકકે ટીબી સામે પુરી રીતે અસરકારક નથી અને ખાસ કરીને યુવા વયે આપી શકાય તેવી વેકસીન બનાવવી જરૂરી બની ગયું હતું.

વિશ્વમાં ટીબીના કારણે વર્ષે ૧૬ લાખથી વધુ મોત થાય છે. બાયોફેબ્રી ત્રણ દશકાથી આ ક્ષેત્રે રીસર્ચ કરી રહી હતી અને તેમાં હવે પ્રારંભીક કલીનીકલ સફળતા મળતા તેને માનવ પર પરિક્ષણ માટે મંજુરી મળી છે. આ એક અત્યંત મહત્વનું કદમ ગણાય છે. વિશ્વમાં કોરોનાએ જે રીતે અનેક રોગો સામેની ઝુંબેશને અસર કરી છે તેમાં ટીબી પણ સામેલ છે.

બીસીજીને ૧૦૦ વર્ષ પુરા થયા છે. હવે આ વેકસીન લાંબા સમય માટે તેની અસરકારકતા દર્શાવી શકે તેમ નથી. પણ નવી વેકસીન હવે ખાસ કરીને યુવા અને વયસ્ક તમામ વર્ગ માટે અલગ અલગ પણ અસરકારક હશે. ભારત જેવા દેશમાં વધુ વસતિની સાથે પોષણયુક્ત ખોરાકની સમસ્યા છે તથા ટીબીની અસર થયા બાદ પણ લાંબો સમય તેને નજર અંદાજ કરાય છે. તેથી આ રોગ જીવલેણ બને છે અને આ નવી વેકસીનની સૌથી મોટી ખુબી એ છે કે તે ક્ષયના રોગના મોટીફાઈડ મેથાજેનનો ઉપયોગ થયો છે જે ઉપરાંત તમામ એન્ટીજેન જે માનવને અસર કરે છે તેનો પણ સમાવેશ કરાયો છે.

# દિલ્હીમાં વડાપ્રધાન મોદીના નિવાસે 'આપ'ના કાર્યકરોનું હલ્લાબોલ

## મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં કરાયું પ્રદર્શન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લીકર એકસાઈઝમાં મની લોન્ડરીંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ઈડીએ ધરપકડ કરતા તેના વિરોધમાં આમ આદમી પાર્ટીએ આજે દિલ્હીમાં પીએમ આવાસનો ઘેરાવ કરીને હલ્લાબોલ કર્યું હતું.

શરાબ એકસાઈઝ ડયુટીમાં મની લોન્ડરીંગના આરોપસર ઈડીએ તાજેતરમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલની ધરપકડ કરી હતી, જેની સામે આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં રોષ ફાટી નીકળ્યો છે. કેજરીવાલની ઈડી દ્વારા ધરપકડના વિરોધમાં આજે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ વડાપ્રધાન મોદીના આવાસ સામે વિરોધ પ્રદર્શન કરી હલ્લાબોલ કર્યું હતું.

આમ આદમી પાર્ટીના વિરોધ



પ્રદર્શનને પગલે દિલ્હીમાં ટ્રાફીક વ્યવસ્થાને અસર પડી હતી. તુગલક રોડ, સફદર જંગ રોડ અને કેમલ અતાતુર્ક માર્ગ પર કોઈપણ વાહનને કયાંય પણ ઉભું રહેવા કે પાર્ક કરવાની મંજુરી નહોતી આપી.

આમ આદમી પાર્ટીનો આજે વિરોધ પ્રદર્શનના કારણે પટેલ ચોક, મેટ્રો સ્ટેશન બાદ બહારના સુરક્ષા દળોને તૈનાત કરવામાં આવ્યા હતા. ટ્રાફિક પોલીસે એડવાઈઝરી પણ જાહેર કરી હતી. અનેક રસ્તાઓ પર ડાયવર્ઝન લગાવી દેવાયા હતા.દરમિયાન ઈન્ડિયા ગઠબંધને ૩૧ માર્ચે કેન્દ્ર સરકાર વિરુદ્ધ ૩૧ માર્ચે રામલીલા મેદાનમાં રેલીનું આયોજન કર્યું છે.

# ચોટીલા-રાજકોટ હાઈ-વે પર ટ્રક અને એમ્બ્યુલન્સ વચ્ચે ગમખ્વાર અકસ્માતઃ ત્રણના મોત

## ચોટીલાના રાજપરા ગામની મહિલાને રાજકોટ સારવારમાં લઈ જતી વેળાએ અકસ્માત સર્જાયોઃ બે મહિલા અને એમ્બ્યુલન્સના ડ્રાઈવરનું કરૂણ મોત













**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલા-રાજકોટ હાઇવે ઉપર એમ્યુલન્સ અને ટ્રક અકસ્માતની ગોઝારી ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં એમ્બ્યુલન્સના ડ્રાઇવર સહિત ત્રણ લોકોનાં મોત નીપજ્યાં છે.

આ અંગેની માહિતી મુજબ ગત રાત્રે સાડા દસ વાગ્યા આજુબાજુ ચોટીલા તાલુકાના રાજપરા ગામે રહેતાં કાજલબેન હરેશભાઈ મકવાણા (ઉ. વ. આશરે ૩૫) ચોટીલા રેફરલ હોસ્પિટલે તેમની ૧૮ વર્ષીય દીકરી તથા દીકરા સાથે સારવાર લેવા આવ્યાં હતાં. ત્યારે તેમનાં રાજકોટમાં રહેતાં બહેન તથા બનેવીને પણ ચોટીલા બોલાવ્યાં હતાં. ચોટીલા રેફરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દર્દીને વધારે તકલીફ થતી હોવાથી ડોક્ટરે રાજકોટ હોસ્પિટલ લઇ જવા જણાવ્યું હતું.

આ સમયે સરકારી એમ્બ્યુલન્સ રાજકોટ વર્ધી લઈને ગઈ હોવાથી ખાનગી એમ્બ્યુલન્સમાં દર્દીને લઇ જવામાં આવી રહ્યા હતા. જેમાં દર્દી કાજલબેન હરેશભાઈ મકવાણા(ઉ. વ. આશરે ૩૫ રહે. રાજપરા) અને સાથે તેમની દીકરી પાયલ હરેશભાઈ મકવાણા (ઉ. વ. ૧૮ રહે. રાજપરા) અને તેમનાં મોટાબેન અને બનેવી તથા પુત્ર સાથે ખાનગી એમ્બ્યુલન્સમાં રાજકોટ જવા નીકળ્યાં હતાં.

આ દરમિયાન ચોટીલાથી રાજકોટ તરફ આપાગીગાના ઓટલા નજીક એમ્બ્યુલન્સ ટ્રક સાથે ધડાકાભેર અથડાતાં એક સાઈડનો ફૂચડો બોલી ગયો હતો. સ્થાનિકોએ ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની મદદથી બધા દર્દીઓને ચોટીલા રેફરલ હોસ્પિટલ લાવવામાં આવતા ફરજ પરના ડોક્ટરે ગીતાબેન જયેશભાઈ મિયાત્રાને મૃત જાહેર કર્યાં હતાં. તેમજ પાયલ હરેશભાઈ મકવાણા અને એમ્બ્યુલન્સના ડ્રાઈવર વિજય જીવાભાઈ બાવળિયા (ઉ. વ. આશરે ૪૦ રહે. ચોટીલા)ને ૧૦૮ મારફતે રાજકોટ રિફર કરાયા હતા. જે બંને રાજકોટ પહોંચતા પહેલાં મૃત્યુ પામ્યાં હતાં.

# ડીજે વીથ ડાન્સ સાથે રંગોત્સવનું પર્વ ઉજવતાં રંગીલા રાજકોટવાસીઓ






(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરમાં ૧૫ જેટલા ખાનગી પાર્ટી પ્લોટમાં ડીજેના તાલે ધુળેટી પાર્ટીનું આયોજન કરાયું હતું. લોકો ડીજે વિથ ડાન્સ, રેઈન ડાન્સ, ફોર્મ ડાન્સ, તેમજ અબીલ ગુલાલના રંગે રંગાયા હતા. આ સાથે જ કાદવ–કીચડ અને ફીણ સાથે પણ લોકો ધુળેટી રમી મોજ લીધી હતી. ખાસ કરીને શહેરના વિખ્યાત રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે ડીજેની કમી લોકો અનુભવતા હોવા છતાં ઢોલના તાલે ડાન્સ કરીને એકાબીજાને રંગથી રંગીને ઉત્સવની ઉજવણી કરી હતી. આ ઉપરાંત રાજકોટમાં રાજકારણીઓ તેમજ પોલીસ કર્મચારીઓએ પણ રંગોત્સવને ભરપુર આનંદ માણ્યો હતો. રંગોના પર્વને લઈ રંગીલા રાજકોટીયનોએ રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ભારે આનંદ સાથે ઉજવણી કરી હતી. બાલભવનને બદલે આ વખતે કવિ રમેશ પારેખ રંગદર્શન હોલ પાસે ઉજવણી કરાઈ હતી. મોટી સંખ્યામાં વિવિધ ગ્રુપમાં રાજકોટવાસીઓ ઉમટી પડ્યા હતા. જ્યાં ડીજેની વ્યવસ્થા ખૂટતી હોવાનો લોકોનો મત હોવાનું જણાવાયું હતું. આવતા વર્ષે મનપા દ્વારા ડીજે રાખવામાં આવે તેવી લોકોએ માગ પણ કરી હતી. છતાં પણ લોકોએ પર્વને ઉજવવામાં ઢોલનાં તાલે એકબીજા પર રંગો લગાવીને ભાવપૂર્વક રંગોત્સવ ઉજવ્યો હતો.

## જુનિયર વર્લ્ડ ટેનીસ અન્ડર–૧૬ માટે બીલી જીન કીંગ કપમાં પસંદગી પામી રાજકોટનું ગૌરવ વધારતી હીરવા રંગાણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તારીખ ૧૩ મે થી ૧૮ મે સુધી શ્યમકેન્ટ કઝાકીસ્તાન ખાતે યોજાનાર જુનીયર અન્ડર–૧૬ બીલી જીન કીંગ કપ–૨૦૨૪ ના યોજાવા જઈ રહેલ છે જે દરેક દેશની જુનીયર ટીમ પાર્ટીશીપેન્ટ કરી હોય છે જે ટીમ સીલેકશન અંગેનુ નેતૃત્વ ઓલ ઈન્ડીયા ટેનીસ એશોસીએશન ધ્વારા કરવામાં આવતુ હોય છે જે માટે દીલ્હી ખાતે તારીખ ૩૧ માર્ચ થી ૫ એપ્રીલ સુધી સીલેકશન કેમ્પ યોજાવા જઈ રહેલ છે જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન ઓલ ઈન્ડીયા ટેનીસ ફેડરેશનની ટુનામેન્ટ રમી વર્ષના અંતમાં નેશનલ ટેનીસ રેન્કીંગમાં ટોપ ૧ થી ૬ માં આવતા પ્લેયરને સીલેકટ કરવામાં આવતા હોય છે જેમાં રાજકોટની આલીયા ટેનીસ એકેડમીમાં કોચ સૌરભ રઘુવંશી પાસે છેલ્લા ચાર વર્ષથી કોચીંગ લઈ રહેલ અને માત્ર ૧૫ વર્ષની ઉંમરે ૫ હીરવા રંગાણીથ આ કેમ્પ માટે સીલેકટ થઈ સમગ્ર રાજકોટનુ તેમજ આલીયા ટેનીસ એકેડમી તથા તેમના માતા–પિતા વિગેરેનુ ગૌરવ વાધરેલ હોય તેઓને આ નેશનલ કેમ્પ માટે સીલેકટ થવા બદલ તેમને તેમના સગા સંબંધી તથા મિત્ર વર્તુળ તેમજ જીનીયસ ઈન્ટરનેશનલ સ્કુલના ઓનર્સ ડી.વી.મહેતા સાહેબ તથા સ્ટાફ તરફથી શુભ ઈચ્છા તથા ખુબ જ અભિનંદન મળ ૧ રહયા છે.




આ આલીયા ટેનીસ એકેડમીના કોચ સૌરભ રઘુવશી ધ્વારા પણ આ બાબતે સમગ્ર કોંચીંગ તેમજ ફીટનેશ સ્ટાફ તેમજ આ એકેડમી કોર્પોરેશન ગ્રાઉન્ડમાં કાર્યરત હોય એવા મ્યુનિસીપલ કોર્પોરેશનના કમિશ્નર આનંદ પટેલ સાહેબ તેમજ આસીસ્ટન કમિશ્નર ચેતન નંદાણી સાહેબ વિગેરે અધિકારીઓ તેમજ ઓ.એસ.ડી. કચેરી અધિકારીઓ ડોડીયા સાહેબ, રાજદીપસિંહ જાડેજા તેમજ હેમલ ગઢવી તેમજ મનોજ દવે વિગેરે જેઓએ ખુબ સપોર્ટ કરેલ હોય તેમજ તત્કાલીન સ્ટેન્ડીંગ ચેરમેન પુષ્કર પટેલ તેમજ મેયર પ્રદીપ ડવ તેમજ હાલના સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકર તેમજ મેયર નયનાબેન પેઢડીયા વિગેરે પણ આ સ્પોર્ટસ ડેવલોપ અંગે સપોર્ટ કરેલ હોય તેઓનો પણ આ તકે આભાર માનેલ છે તેમજ રાજકોટમાં ટેનીસ ક્ષેત્રે ડેવલોપમેન્ટ થાય અને રાજકોટ તેમજ રાજકોટ જીલ્લામાંથી રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય ખેલાડી મળે તે માટે આગમી દિવસોમાં વધુ સારૂ કોચીંગ તેમજ ફીટનેશ કેમ્પનુ આયોજન કરવામાં આવશે તેમજ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનના સપોર્ટથી નેશનલ ટુનામેન્ટ તેમજ ભવિષ્યમાં આંતર રાષ્ટ્રીય ટુનામેન્ટનુ આયોજન રાજકોટમાં થાય અને રાજકોટનુ નામ વિશ્વમાં પ્રખ્યાત થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે તેવો વિશ્વાસ વ્યકત કરેલ છે.

## હળવદના ઢવાણા ગામે છેડતીની ફરિયાદનો ખાર રાખી બે પરિવારો વચ્ચે સશસ્ત્ર ધીંગાણુંઃ સામસામી ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના ઢવાણા ગામે હોળીની રાત્રીએ ગામમાં ખેલાયો લોહિયાળ જંગ, જેમાં અગાઉ છેડતીની ફરિયાદ કર્યાનો ખાર રાખી હોલિકા દહનના દર્શને આવેલ યુવકને ગાળો આપ્યા બાદ યુવકના પરિવાર ઉપર લાકડાના ધોકા તથા પથથરના છુટા ઘા મારી પરિવારના સભ્યોને ઈજાગ્રસ્ત કર્યા હતા ત્યારે હુમલાની ઘટના બાદ સામા પક્ષ દ્વારા પણ મોડી રાત્રીના હુમલો કરનારના ઘરે તલવાર , લાકડાના ધોકા વડે સામે પક્ષના પરિવારના સભ્યો ઉપર હુમલો કરવામાં આવતા બંને પરિવારના મહિલા તથા વૃદ્ધ સહિતના સભ્યોને નાની–મોટી ઈજાઓ થતા બંને પક્ષે હળવદ પોલીસ મથકમાં સામ સામી ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે કુલ ૧૪ શખ્સો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના ઢવાણા ગામે રહેતા અશ્વીનભાઇ વજાભાઇ દુધરેજીયા ઉ૧.૨૩ એ આરોપીઓ અશ્વીનભાઇ પ્રવિણભાઇ સાકરીયા તથા (૨) સંજયભાઇ દિનેશભાઇ સાકરીયા તથા (૩) અજયભાઇ ધીરજભાઇ સાકરીયા તથા (૪) ભરતભાઇ ગોવિંદભાઇ સાકરીયા (૫) અમરશીભાઇ મોહનભાઇ સાકરીયા (૬) રમેશભાઇ ઠાકરશીભાઇ છોગાળા (૭) દિનેશભાઇ જેઠાભાઇ સાકરીયા રહે બધા ઢવાણા તા.હળવદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે અગાઉ આરોપીની બહેને યુવક ઉપર છેડતીની ફરીયાદ કરેલ હોય જેના મનદુઃખના કારણે આરોપી અશ્વીનભાઇ પ્રવિણભાઇ સાકરીયા, સંજયભાઇ દિનેશભાઇ સાકરીયા, અજયભાઇ ધીરજભાઇ સાકરીયા, ભરતભાઇ ગોવિંદભાઇ સાકરીયાએ ફરિયાદી અશ્વિનભાઈ હોળીના દશૅન કરવા ગયેલ ત્યાં જઇ એક સંપ કરી ફરીયાદીને ઢીંકા પાટુનો મુઢમાર મારી તથા ગામમા ફરીયાદી યુવકના ઘરની શેરીમા આવી આરોપીઓએ સરોજબેન, દક્ષાબેનને, વેરશીભાઇને તથા માનસંગભાઇને લોખંડના પાઇપ, લાકડાના ધોકા વડે માર માર્યો હતો જે હુમલામાં યુવકના પરિવારના સભ્યો તથા શેરીમાં રહેતા પાડોશીઓને નાના મોટી ઈજાઓ થઇ હોવાની કુલ સાત આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જયારે સામ પક્ષે ઢવાણા ગામમાં જ રહેતા મનસુખભાઇ અમરશીભાઇ સાકળીયા ઉ૧.૪૦ એ આરોપીઓ મહેશભાઇ વેરશીભાઇ દુધરેજીયા (૨)માનસંગભાઇ ખુશાલભાઇ દુધરેજીયા (૩)અશ્વિનભાઇ વજાભાઇ દુધરેજીયા (૪)પ્રવિણભાઇ વજાભાઇ દુધરેજીયા (૫)મકાભાઇ વેરશીભાઇ દુધરેજીયા (૬)નિકુલભાઇ માનસંગભાઇ દુધરેજીયા (૭)વેરશીભાઇ મગનભાઇ તમામ રહે,ઢવાણા તા.હળવદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ઉપરોક્ત આરોપીઓ ફરિયાદી મનસુખભાઇ ઘર પાસે આવી ફરીયાદીની ભત્રીજીએ અગાઉ પોલીસ ફરીયાદ દાખલ કરેલ જે બાબતે મનદુઃખ રાખી કહેવા લાગ્યા કે અગાઉ ખોટો ગુન્હો દાખલ કેમ કરાવેલ તેમ કહી ગાળો બોલાવા લાગતા મનસુખભાઈએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ આવેશમા આવી ફરીયાદીના પિતાને, પત્નીને, ભાભીને, ભત્રીજીને તથા શેરીમાં રહેતા પાડોશીને લોખંડની પાઇપ, તલવાર, લાકડાના ધોકા, છુટા પથ્થરના ઘા કરી હુમલો કર્યો હતો. આ હુમલામાં મનસુખભાઈ સહીત તેમના પરિવારના સભ્યો ને પાથ–પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ તથા તલવારથી માથાના ભાગે નાની મોટી ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે હાલ હળવા પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી આરોપીઓ સામે ગુનો ડાખ્સલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કુવાડવા રોડ પર ત્રિમંદિર પાછળ સરકારી ખરાબમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયાઃ રૂા. ૫૪ હજારની રોકડ કબજે

### જુના માર્કેટ યાર્ડના પાર્કિંગમાં જુગાર રમતા ત્રણ ઝડપાયાઃ બે વાહન સહિત રૂપિયા 30,000 નો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા કુવાડવા રોડ પર ત્રિમંદિર પાછળ સરકારી ખરાબ અને જમીન માં જુગાર રમતા શખ્સોને કુવાડવા પોલીસે દબોચી લઈ રૂપિયા ૫૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. અંગેની માહિતી મુજબ કુવાડવા પોલીસના પીએસઆઇ બીવી ભગોરા કોન્સ્ટેબલ જયપાલ ભાઈ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કુવાડવા રોડ પર આવેલા ત્રિમંદિર પાછળ સરકારી



ખરાબમાં દોરડો પાડી જુગાર રમતો જગદીશ નરસિંહ બાબરીયા ચતુર શિવા પલાડીયા પ્રકાશ ધીરુ ગમે જરીયા રાજુ બીજલ માટીયા કાળુ જેહા ઝાપડા અને હિતેન્દ્ર દેવેન્દ્ર ચૌહાણ સહિત છ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૫૪,૩૦૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે અન્ય એક બનાવમાં બી ડિવિઝન પોલીસના હેડ કોન્સ્ટેબલ એચ જે જોગડા સહિતના સ્ટાફે જુના માર્કેટ યાર્ડના પાર્કિંગમાં જાહેરમાં જુગાર રમતો સંજય મુકુંદ જોશી અશોક કરસન માલકીયા વનરાજ વિનુ વાટીયા સહિત ત્રણ શખ્સોને જુગાર રમતા ઝડપી લઇ બે વાહનો સહિત ₹૩૦,૪૫૦ મુદ્દા માલ કબજે કર્યો છે.

## ભક્તિનગર પોલીસ દ્વારા હોળીના પવિત્ર તહેવારની અનોખી ઉજવણી કરાઈ

### જલારામ વૃધ્ધાશ્રમના વૃધ્ધાઓને કંકુ ચાંદલા કરી, પુષ્પવર્ષા કરી આશિર્વાદ મેળવી ભોજન કરાવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

હોળીના પાવન પર્વ નીમીતે ભક્તીનગર પોલીસ સ્ટેશન તથા સુરક્ષાસેતુ સોસાયટી ના કમીટી સભ્યો ના સંયુકત ઉપક્રમે એક સુંદર કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવેલ ભક્તીનગર પોલીસ સ્ટેશન ની નજીકમા જ આનંદનગર મેઇનરોડ પર આવેલ જલારામ વૃધ્ધાશ્રમ મા રહેતા ૧૯ વૃધ્ધમાતાઓ ને સૌ પ્રથમ ભકતીનગર પોલીસ સ્ટેશન ના પો.ઈન્સ મયુરધ્વજસીહ એમ સરવૈયા તથા પોલીસ સ્ટેશન ના તમામ મહીલા કર્મચારીઓ દ્વારા કપાળે કંકુચાંદલા કરી તથા પુષ્પવર્ષા કરી ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવવામાં આવેલ ત્યારબાદ દેવપરા શાર્કમાર્કેટ પાસે આવેલ શાળાનં–૬૩ ના કેમ્પસ મા તમામ માતાઓ ને જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જમાડવામાં આવેલ જમી લીધાબાદ એમ.ટી વિભાગ ની બસ મા બેસાડીને પોલીસ હેડ કર્વાર્ટસ ખાતે પ્રગટાવેલ હોળી ના દર્શન કરવા લઈ જવામાં આવેલ જ્યા ઉપસ્થીત મ્હે.પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગવ તથા અન્ય ઉચ્ચ અધીકારીઓએ વૃધ્ધાશ્રમ માથી આવેલ તમામ વૃધ્ધો ને ઊષ્માભેર મળી તેઓના ખબરઅંતર પુછેલ ત્યારબાદ માતાઓ એ રામનાથ મહાદેવ ના દર્શન કરવાની ઈચ્છા વ્યકત કરતા પો.ઈન્સ મયુરધ્વજસીહ સરવૈયા દ્વારા તેઓ ને રામનાથ મહાદેવ મંદીર ખાતે લઈજઈ જળ ચડાવી સાસ્ત્રોકત વીધી કરાવેલ તે પુર્ણ થતા તેઓને ફરી વૃધ્ધાશ્રમ ખાતે પરત પહોંચાડેલ આજના આ પાવન દીવસે ભક્તીનગર પોલીસ તથા સુરક્ષાસેતુ સોસાયટી ધ્વારા તેઓને માટે જે વ્યવસ્થા કરવામાં આવેલ તથા હોળી અને ધાર્મીક સ્થળો ના દર્શન ની ઈચ્છાપુર્તી કરવામા આવી તથા તેઓની સાથે જ સમગ્ર કાર્યક્રમ દરમીયાન ખડેપગે રહી તેઓની સંભાળ રાખનાર તમામ અધીકારી/કર્મચારીઓનો ખુબજ આભાર માનેલ તેઓ ને પરત વૃધ્ધાશ્રમ ખાતે ઊતારી પરત ફરતી પોલીસ ને જોઇ વૃધ્ધો ને આખોમાં આંસુ છલકાયા તથા અવારનવાર મળવવા આવવા પોલીસ સ્ટાફ ને અનુરોધ કરતા ભાવુક દ્રશ્યો સર્જાયા હતા સદરહુ કાર્યક્રમ દરમીયાન રાજકોટ શહેર સુરક્ષાસેતુ કમીટીના સભ્યો મનુભાઇ જોબનપુત્રા તથા કેતન ભાઇ જરીયા, ગોપાલભાઈ વીગેરે તથા જલારામ વૃધ્ધાશ્રમ ના સંચાલક દ્વારા ખુબજ સહકાર મળેલ જે બદલ તેઓનો પણ ખુબજ આભાર માનવામાં આવેલ હતો.

## કિશાનપરા ચોક પાસેથી યુવાનનું અપહરણ કરી ઢોર મારમારી પડધરી પાસે ફેંકી દીધો

### મુંબઈના યુવાનને પત્નીએ સમાધાન માટે રાજકોટ બોલાવ્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુંબઇના અંધેરી વેસ્ટમાં રહેતો પ્રતિક ગોપાલ ક્રિષ્ન નાયક (ઉ.વ.૩૫) શનિવારે રાત્રે પડધરીના મોવૈયા સર્કલ નજીકથી ઇજાગ્રસ્ત હાલતમાં મળી આવતાં તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલના બિછાનેથી પ્રતિક નાયકે પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, પોતે કેરલનો વતની છે અને મુંબઇ રહે છે તેણે મહારાષ્ટ્રીયન યુવતી સાથે લગ્ન કર્યા હતા. બાદમાં પત્ની સાથે મનમેળ નહીં રહેતા બંને અલગ રહેતા હતા. પત્ની રાજકોટમાં કિસાનપરા ચોક વિસ્તારમાં રહે છે.

કેટલાક દિવસથી પત્ની સાથે ટેલિફોનિક વાતચીત ચાલતી હતી અને પત્નીએ સમાધાન કરવાનું કહી બોલાવતાં પ્રતિક નાયક શનિવારે બપોરે રાજકોટ આવ્યો હતો અને ૧૨.૩૦ વાગ્યે કિસાનપરા ચોકમાં ઊભો હતો ત્યારે એક કાર ધસી આવી હતી અને કારમાંથી ઉતરેલા બે શખ્સે પરાણે કારમાં બેસાડી દીધો હતો અને કાર કિસાનપરા–૩માં લઇ જવાઇ હતી જ્યાં એક મકાનમાં પ્રતિકને લઇ જઇ માર મારવામાં આવ્યો હતો.

ત્યારબાદ ફરીથી પ્રતિકને કારમાં બેસાડવામાં આવ્યો હતો અને તેની પત્ની પણ કારમાં સાથે બેઠી હતી. કાર જામનગર સુધી લઇ જવામાં આવી હતી અને રસ્તામાં પત્નીના પરિચિતો ચાલુ કારે તેને મારકૂટ કરતા હતા. બાદમાં પ્રતિકને પડધરી નજીક ફેંકીને તમામ શખ્સો કારમાં નાસી ગયા હતા. ઘટનાને પગલે એ.ડિવિઝન પોલીસ દોડી ગઇ હતી અને આ મામલે વિશેષ તપાસ શરૂ કરી હતી.

## જામનગરમાં ધુળેટી પર્વની હોંશભેર ઉજવણી કરતા યુવા હૈયાઓ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રંગ અને ઉત્સાહના પર્વ એવા ધુળેટીને સમગ્ર પંથકના લોકોએ ભવ્ય રીતે ઉજવ્યો હતો. ધુળેટી પ્રસંગે સવારથી જ જામનગરમાં યુવા હૈયાઓમાં અનેરો થનગનાટ જોવા મળ્યો હતો. વિવિધ પ્રકારના રંગોથી સૌ કોઈ એકબીજાને રંગી અને હુતાસણી પર્વની ઉજવણી કરી હતી.જામનગર શહેરના જુદા–જુદા લતાઓ તેમજ સોસાયટીઓમાં લોકોએ આજે ડી.જે. તથા ઢોલ–નગારા સાથે એકબીજાને રંગી અને ''બુરાના માનો હોલી હૈ'' કહી અને રંગોથી રંગ્યા





હતા. ખાસ કરીને યુવાનો–યુવતીઓના ઘેરૈયા શહેરના જુદા જુદા માર્ગો પર જોવા મળ્યા હતા અને એકબીજાને પ્રેમ અને ઉમંગથી રંગીને ધુળેટી પર્વની અનેરી મોજ માણી હતી.આ પર્વને નાના બાળકોએ પણ મન ભરીને મળ્યો હતો. એકંદરે સૌ–કોઈએ પોતાના મનમાં બાળપણ લાવી અને રંગભીની મોજ માણી હતી.

## માળિયાના દેરાળા ગામે પિતાના સ્મરણાર્થે પુત્રી યોજશે બ્લડ ડોનેશન કેમ્પઃ ધુવાણા બંધ ગામ જમણ તથા ધુન–ભજનનું આયોજન

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબીઃ** પિતા અને પુત્રીનો સંબંધ ખૂબ જ ખાસ હોય છે. દીકરીઓ પિતાની સૌથી લાડકી હોય છે જ્યારે દીકરીઓ માટે તેમના પિતા સુપર હીરો હોય છે. ત્યારે પિતાના અવસાન બાદ પણ પુત્રીને પિતા પ્રત્યેનો તે જ પ્રેમ અને હંમેશા પિતાની યાદ આજે પણ પુત્રીને કંઈકને કંઈક વિશેષ કરવાની પ્રેરણા આપતા કિસ્સાની આજે વાત કરવાની છે.



માળિયા તાલુકાના દેરાળા ગામના સરળ શાતં સ્વભાવ અને આજે પણ લોકો જેમને યાદ કરે એવા સ્વ.નરભેરામભાઈ મોહનભાઈ ઉઘરેજાની તા.૨૮ માર્ચના રોજ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ છે. ત્યારે તેમની પુત્રી અને અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના પ્રમુખ હેતલબેન પટેલ દ્વારા પિતાને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપવા માટે બ્લડ ડોનેશન કેમ્પ, ધુન–ભજન તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં તા.૨૮ માર્ચને ગુરુવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન શનાળા રોડ પર આવેલ સંસ્કાર બ્લડ બેંક ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ સાંજે ૬ કલાકે માળિયા તાલુકાના દેરાળા ગામે સમગ્ર ગામ ધુવાળા બંધ મહાપ્રસાદ તથા રાત્રે ૯ કલાકે ધુન–ભજન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તો આ રક્તદાન કેમ્પમાં વધાં વધુ રક્તદાન કરવા હેતલબેન પટેલ દ્વારા અપિલ કરવામાં આવી છે. તેમજ ધુન–ભજનમાં પધારવા આમંત્રણ પાઠવાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોટડા સાંગાણીમાં પિસ્ટલ અને જીવતા કાર્ટીસ સાથે ચોટીલાનો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પેટ્રોલીંગ દરમ્યાન કોટડા સાંગાણીમાં નારણકા ચોકડી પાસે એક શખસ પાસે ગેરકાયદેસર હથીયાર હોવાની માહીતીને આધારે જીલ્લા એલ.સી.બીએ દરોડો પાડી ચોટીલાના શખસને પિસ્ટલ અને બે જીવતા કાર્તીસ સાથે ઝડપી લઈ પુછતાછ કરતા તેને આ હથીયાર મૃતક પિતાનુ હોવાનુ રટણ કરતા પોલીસે વધુ પુછતાછ માટે બે દિવસના રિમાંડ મેળવી વધુ કાર્યવાહી કરી હતી.




કોટડા સાંગાણીમાં નારણકા ચોકડી પાસે એક શખસ હથીયાર સાથે આવ્યાની માહીતીને આધારે પીઆઈ વી.વી.ઓડેદરા સહીતના સ્ટાફે પહોચી શંકાસ્પદ શખસને અટકાવી પુછતાછ કરતા તે ચોટીલામાં મતીયાપરામાં રહેતો અને ખેતીકામ કરતો જયપાલ જગુભાઈ ગોવાળીયા હોવાનુ જણાવતા પોલીસે તલાસી લેતા તેની પાસેથી ગેરકાયદેસર પિસ્ટલ અને બે જીવતા કાર્તીસ મળી આવતા તેની ધરપકડ કરી પુછતાછ કરતા તેના પિતા ટ્રક ચાલક હોવાનુ અને ત્રણેક વર્ષ પહેલા તેનુ અવશાન થયાનુ અને તે આ હથીયાર લઈ આવ્યા હોવાનુ અને તેને શોખ હોય સાથે હથીયાર રાખતો હોવાનુ રટણ કરતા પોલીસે તેની વધુ પુછતાછ માટે રિમાંડની માગણી સાથે કોર્ટ હવાલે કરતા આરોપીના બે દિવસના રિમાંડ મંજુર થતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

# સ્વામિનારાયણ પાર્કમાં એકના એક પુત્રનુ બેભાન થઈ જતા મોતઃ પરિવારમાં કરૂણ કલ્પાંત

## એમબીએના છાત્રનું મોત થતા પરિવાર માટે ધુળેટીનો તહેવાર માતમમાં ફેરવાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હાર્ટએટેકથી વધુ એક ૨૨ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું છે. પરિવારજનોએ એકનો એક દીકરો ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. આજે ધુળેટી એટલે કે રંગોનો ખુશીથી ભરેલો તહેવાર છે પરંતુ, આજનો આ તહેવાર ખીરા પરિવાર માટે માતમમાં ફેરવાઈ ગયો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના મવડી વિસ્તારમાં આવેલા



સ્વામિનારાયણ પાર્કમાં રહેતા કશ્યપ જગદીશભાઈ ખીરા (ઉ.વ.૨૨) બપોરના સમયે ઘરે આવ્યો ત્યાર બાદ અચાનક તેને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને તે ઘરમાં જ ઢળી પડ્યો હતો. તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાજર તબીબે જોઈ તપાસી બાદમાં મૃત જાહેર કર્યો હતો, જેને લઇ પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

આ બનાવ અંગે જાણ થતા સિવિલ ચોકીના સ્ટાફે સ્થાનિક પોલીસને જાણ કરી હતી જે બા પોલીસે આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી અને મોતનું સાચું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી. તબીબોના પ્રાથમિક તારણ મુજબ યુવકને હાર્ટ એટેક આવી ગયો હોવાથી એટેક જીવલેણ સાબિત થયો હોવાનું સામે આવ્યું હતું. મૃતક યુવાન કશ્યપ રાજકોટના કાલાવડ રોડ પર આવેલ આત્મીય યુનિવર્સિટીમાં ખઇઅનો અભ્યાસ કરતો હતો અને તેના પિતા પ્રાઇવેટ નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા હોવાનું પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે. ખીરા પરિવારનો એકનો એક દીકરો કશ્યપ તહેવારના દિવસે પરિવારને છોડી અચાનક વિદાય લઇ લેતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# હેડ કવાર્ટર ખાતે પોલીસ પરિવાર દ્વારા ધુળેટી પર્વની ઉજવણી કરાઈ

## પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિતના અધિકારીઓ રંગોથી રમ્યા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રંગોના પર્વ ધુળેટીની આજે શહેરભરમાં ઉજવણી થઇ છે. શહેર પોલીસ દ્વારા પણ પોલીસ હેડક્વાર્ટર ખાતે ધુળેટી પર્વની રંગારંગ ઉજવણી થઇ હતી. પોલીસ કમિશનર બંગલો ખાતેથી પોલીસ કમિશન રાજુ ભાર્ગવ, તમામ ડીસીપી, તમામ એસીપી, તમામા પીઆઇ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ ઢોલના તાલે રંગે રમીને બહાર નીકળ્યા હતાં. ગેઇટ પર ફરજ બજાવી રહેલા કર્મચારીને પોલીસ કમિશનરે રંગેથી સુકન કર્યા બાદ બધા પોલીસ હેડક્વાર્ટર ખાતે પહોંચ્યા હતાં. જ્યાં રંગે રમી એકબીજાને રંગોના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. બાદમાં અહિ બનાવાયેલા હંગામી પૂલમાં ધૂબાકા લગાવી સૌએ ધુળેટી પર્વની ઉજવણી કરી હતી. જેમાં પોલીસ કર્મચારીઓ, તેમના સંતાનો પણ સામેલ થયા હતાં. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ રંગોના પર્વ ધુળેટીની રાજકોટવાસીઓને શુભકામના પાઠવી પવિરાર, મિત્રો સાથે શાંતિપુર્વક હસીખુશીથી તહેવાર ઉજવવા અનુરોધ કર્યો હતો.

# ધુળેટીના પર્વમાં ખાનગી રિસોર્ટમાં બે જુથ વચ્ચે મારામારીઃ વિડિયો વાયરલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ધુળેટીના રંગમાં ભંગ પડ્યો હતો. ખીરસરા નજીક આવેલા ખાનગી રિસોર્ટમાં ઉજવણી સમયે બે જુથ વચ્ચે બબાલ થઈ હતી. જે બાદ મારામારીના દ્રશ્યો સર્જાયા. જેનો વીડિયો વાયરલ થયો. જેમાં યુવતી અને કેટલાક શખ્સો યુવકને માર મારતા હોવાનું નજરે પડે છે. આ ઘટના બાદ આયોજકોએ બંન્ને જુથને બહાર કાઢ્યા. ત્યારે શા માટે બબાલ થઈ તે સામે જાણી શકાયું નથી.




# સાયલાના વખતપર ગામની સીમમાં દારૂ ભરેલું ટેન્કર ઝડપાયુંઃ એકની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાયલાના વખતપર ગામની સીમમાં આવેલ ઢાંઢામોરાના મેલડીમાં અને રામદેવજીની જગ્યા રામટેકરી આશ્રમ પાછળના વિસ્તારમાં મોડી રાતે ઈંગ્લીશ દારુનું કટીંગ થઈ રહ્યું હોવાની બાતમીને લઈ પીએસઆઈ એચ. જી. ગોહીલ, સેકન્ડ પીએસઆઈ એસ. ડી. પટેલ તથા સ્ટાફના અમરભા ગઢવી, હરપાલસિંહ પરમાર, કુલદિપસિંહ ઝાલા સહીતના કાફલાએ ઓચિંતો છાપો મારતા સ્થળ પરથી લૂઝ સિમેન્ટ પરીવહન કરવા માટેનું બલ્કર (ટેન્કર) તથા એક તાડપત્રી ઢાંકેલી પીકઅપ કારમાં દારુની પેટીઓ ભરેલી તેમજ દારુ લઇ જવા માટેની એક ખાલી પીકઅપ કાર મળી આવી હતી. પોલીસ




દ્વારા કરાયેલા દરોડા સમયે આરોપીઓ અગાઉથી નાસી છૂટતા એક પણ આરોપી હાથ લાગ્યો નહોતો. પોલીસ દ્વારા રાતે કરેલા દરોડા બાદ ત્રણે વાહનોને સાયલા થાણા પર લાવી બલ્કર તેમજ પીકઅપ કારમાં ભરેલો દારૂનો જથ્થો ઉતારતા ૧૧,૪૨૯ બોટલ જેની કિંમત રૂ.૪૮,૯૨,૫૫૫ તથા સિમેન્ટ ભરવાનું બલ્કર તથા બે પીકઅપ કાર સહિત કુલ રૂ. ૬૯,૯૨,૫૫૫નો મુદામાલ જપ્ત કરવા સાથે ત્રણ વાહનના ચાલકો તથા તપાસમાં ખુલે તે કારસ્તાનમાં સામેલ તમામ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસે સ્થાનિક શખ્સોની સંડોવણી બાબતે આશંકા વ્યકત કરતા તે બાબતે પણ લોકલ બુટલેગરોની આડકતરી તપાસ કરવામાં આવી રહી છે. આરોપીઓ નાસી છૂટતા તંત્રે વાહનોના નંબર પરથી બુટલેગરોનું પગેરું મેળવવા કવાયત હાથ ધરી છે.


# ભાવનગરના મણાર ગામે ધુળેટી રમ્યા બાદ ચેકડેમમાં ન્હાવા પડેલા ત્રણ યુવાનોના ડુબી જતા મોત

## રંગોના આ પર્વ પર ત્રણ યુવાનોના ડૂબી જવાથી એક સાથે મોત નીપજતા ભાવનગર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના મણાર ગામનાં ભાખલ વિસ્તારમાં ત્રણ યુવાનો ચેકડેમમાં ડૂબી જતા કરૂણ મોત નીપજતા ગામમાં ભારે ગમગીની ફેલાઈ જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ગામે બપોરે ધુળેટી રમ્યા બાદ ગામના ત્રણ યુવાનો ચેક ડેમમાં નાહવા પડ્યા હતા જ્યાં ત્રણેયના ડૂબી જતા કમકમાટી ભર્યા મોત નિપજતા ગામમાં

ભારે શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. બનાવની જાણ થતા જ ગ્રામ્યજનો બનાવ સ્થળે દોડી ગયા હતા.

ડૂબી જતા કરૂણ મોત નીપજ્યા છે તેમાં મુકેશ બાબુભાઈ મકવાણા ઊં.વ.૪૦ ,રવિ તુલસીભાઈ કુટેચા ઉ.વ.૨૦ તેમજ રવિ ધરમસીભાઈ મકવાણા ઊં. વ .૨૭ સમાવેશ થાય છે. મૃતકનાં પરિવારમાં બનાવને લઈ માતમ છવાયો છે.ફાયર વિભાગ દ્વારા ચેકડેમ માંથી મૃતદેહને બહાર કાઢી તળાજા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

# સોમનાથ સોસાયટીમાં પુત્રીને ઝેરી દવા પીવડાવી હત્યા કરનાર માતા સામે ગુનો નોંધાયો

## આપઘાતનો પ્રયાસ કરનાર મહિલાને હોસ્પિટલમાંથી રજા આપતા પોલીસે કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની સોમનાથ સોસાયટીમાં રહેતી મહિલાએ પોતાની પુત્રીને ઝેરી દવા પીવડાવી પોતે દવા પી લીધી હતી. બાળકીનું તત્કાલીન સમયે મૃત્યુ થયું હતું. સારવાર બાદ મહિલાને હોસ્પિટલમાંથી રજા અપાઇ હતી. પુત્રીને દવા પીવડાવી મોતને ઘાટ ઉતારનાર જનેતા સામે પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. રણુજા મંદિર પાછળ આવેલી સોમનાથ સોસાયટીમાં રહેતી સુધાબેન મુકેશભાઇ રાજ્યગુરુ (ઉ.વ.૩૨)ને ગત તા.૫ના વહેલી સવારે ઝેરી દવા પીધેલી હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યારે સુધાબેનના ઘરમાંથી તેની પુત્રી ખુશી (ઉ.વ.૭)ની લાશ મળી આવી હતી. સુધાબેને તત્કાલીન સમયે પોલીસ સમક્ષ કહ્યું હતું કે, પતિ સાથે છૂટાછેડા થઇ ગયા બાદ તેણે પરિણીત મુકેશ રાજ્યગુરુ સાથે મિત્રતા કેળવી હતી અને મૈત્રીકરારથી મુકેશ સાથે રહેતી હતી. મુકેશ થકી પુત્રી ખુશીની પ્રાપ્તિ થઇ હતી. ગત તા.૫ના ખુશી ભૂલથી ઝેરી દવા પી ગઇ હતી. આ મુદ્દે પ્રેમી મુકેશ ઠપકો દેશે તેવો ભય લાગતાં પોતે દવા પી લીધાનું રટણ રટ્યું હતું.

જોકે સુધાબેનની વાત પોલીસને શરૂઆતથી શંકાસ્પદ લાગતી હતી. સુધાબેન રાજ્યગુરૂને હોસ્પિટલમાંથી રજા અપાતા પોલીસે ઊંડાણપૂર્વક પૂછપરછ કરતાં હકીકત બહાર આવી હતી. સુધાબેને પોલીસ સમક્ષ કેફિયત આપી હતી કે, પોતે જિંદગીથી કંટાળી ગઇ હતી અને આપઘાત કરવાનો નિર્ણય કર્યો હતો. પોતાના મૃત્યુ બાદ પુત્રીનું શું થશે તેવી ચિંતાને કારણે પુત્રીને પણ દવા પીવડાવી દેવાનું નક્કી કર્યું હતું. ઘટનાની રાત્રીના બે વાગ્યે પુત્રી ખુશીને ઝેરી દવા પીવડાવીને સુવડાવી દીધી હતી. ૩ વાગ્યે પુત્રીએ ઊલટી કરતા તે ઊલટી સાફ કરી હતી અને ફરીથી તેને સુવડાવી દીધી હતી. ૫ વાગ્યે પુત્રીની હાલત ગંભીર થઇ જતાં પોતે દવા પીધી હતી. જોકે પોતાનો બચાવ થયો હતો. પોલીસે સુધાબેન સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો. પુત્રીની હત્યામાં સંડોવાયેલી મહિલાની ધરપકડ કરવા પોલીસે કવાયત શરૂ કરી હતી.

# પ્રેમ સંબંધ તોડી નાંખવાનું કહેતા પિતરાઈ બહેનના પ્રેમી સહિત બે શખ્સોનો યુવાન પર છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં પ્રેમસંબંધ તોડી નાંખવાનું કહેનાર યુવાન પર બહેનના પ્રેમી સહિત બે શખ્સે છરીથી હુમલો કરી ઇજા પહોંચાડી છે. દોઢસો ફૂટ રિંગ રોડ, રાવલનગર-૨માં રહેતા ઉર્વ દિલીપભાઇ ઝાલા નામના યુવાને જય નિમાવત અને ઋષિરાજ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતી મુજબ ધો.૧૦માં અભ્યાસ કરતા યુવાનની ફરિયાદ મુજબ, માસીની દીકરી સાથે આરોપી જય નિમાવતને પ્રેમસંબંધ હોય થોડા દિવસ પહેલાં જય બહેનને મળવા આવતા તેને આ સંબંધ તોડી નાંખવાનું કહ્યું હતું. જેથી તે ઉશ્કેરાય ગયો હતો અને ગાળો ભાંડી જતો રહ્યો હતો. દરમિયાન શનિવારે રાતે પરિવારજનો સાથે જામનગર રોડ, નાગેશ્વર બસ સ્ટોપ નજીક આવેલી રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા. જમીને પરત જતા હતા ત્યારે જય અને ઋષિરાજ સ્કૂટર પર ધસી આવી પાછળથી પોતાના વાહનને ટક્કર મારી હતી. જેથી પોતે વાહન ઊભું રાખી દેતા જયે પોતાને ગાળો ભાંડી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યો હતો. બાદમાં તેની સાથે રહેલા ઋષિરાજે નેફામાંથી છરી કાઢી બે ઘા ઝીંકી દીધા હતા. બનાવને પગલે પરિવારજનો પણ ઊભા રહી જતા અને પોતાને બચાવવા દોડી આવતા બંને શખ્સ તેમનું સ્કૂટર મૂકી ભાગી ગયા હતા. બાદમાં પરિવારજનો પોતાને સારવાર માટે હોસ્પિટલ લઇ ગયા હતા. ગાંધીગ્રામ પોલીસના પીઆઇ બી.ટી.અકબરીએ હુમલો તેમજ એટ્રોસિટીની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી છે. મારામારીનો અન્ય એક બનાવ મંગળા મેઇન રોડ, મનહર પ્લોટ ૧૦-૧૧માં આવેલી જય ખોડિયાર ઇલેક્ટ્રિક સર્વિસ નામની દુકાને બન્યો હતો. નાગરિક બેંક સોસાયટીમાં રહેતા દુકાનદાર જયંતીભાઇ ખોડાભાઇ આંબલિયા નામના વૃદ્ધ પર વિજય પ્લોટમાં રહેતા ભાવેશ ઝરિયા નામનો શખ્સ દુકાનમાં ઘૂસી કાચની તૂટેલી બોટલથી હુમલો કરી ઇજા પહોંચાડી હતી. વૃદ્ધે એ ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી ભાવેશ રોજ દુકાન પાસેથી નીકળી ગાળો ભાંડીને જતો રહેતો હતો, પરંતુ પોતે ભાવેશને મચક આપતા ન હોય તેનો ખાર રાખી રવિવારે બપોરે દુકાને હતો ત્યારે દુકાનમાં તૂટેલી બોટલથી હુમલો કરી નાસી ગયાનું જણાવ્યું છે.

# માલધારી ફાટક અને ભક્તિનગર રેલ્વે સ્ટેશન નજીક ટ્રેન હેઠળ ઝંપલાવી બે યુવાનોનો આપઘાત

## સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં છકડો રીક્ષાની ઠોકરે બાઈક ચડી જતા ચાલકનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે ગોંડલ રોડ પાસે આવેલ માલધારી ફાટક નજીક અને ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાસે બે અજાણ્યા યુવાનોએ ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે બનાવના પગલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં ગોંડલ રોડ પર ગુલાબ નગર શેરી નંબર ૧૯ માં રહેતો પ્રતાપકુમાર ગુલ્લુભાઈ રાજભર નમના ૨૬ વર્ષે યુવાને ગઈકાલે ગોંડલ રોડ પાસે આવેલ માલધારી ફાટક નજીક ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાનું સ્ટેશન માસ્તર દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા એએસઆઈ એચ.વીણીયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી જ્યારે અન્ય એક બનાવમાં રાજકોટ સોમનાથ જતી ટ્રેન હેઠળ ભક્તિનગર સ્ટેશન પ્લોટ પાસે કોઈ અજાણ્યા યુવાને ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કરી લીધો હોવાની જાણ પોલીસમાં કરવામાં આવતા પીએસઆઇ એસ બી જાડેજાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં કોઠારીયા ગામ પાસે શણગાર હોલ ની બાજુમાં રીધી સીધી એપાર્ટમેન્ટ માં રહેતા રાજુભાઈ ગોરધનભાઈ વાઘેલા યુવાને આજુ ડેમ પોલીસમાં છકડો રીક્ષા નંબર જીજે૩ એવી ૧૨૭ ના ચાલક વિરોધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે તેના ભાઈ મનોજભાઈ ગોરધનભાઈ વાઘેલા પોતાનું બાઈક નંબર લષ ૩ એમ કે ૭૦૪ નંબરનું લઈ જતા હતા ત્યારે સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં પહોંચતા છકડો રીક્ષા નંબર જીજે ૩ એવી ૧૨૭ ના ચાલકે પુરપાટ ઝડપે માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવી મનોજભાઈ ના બાઈક ને ઠોકરે ચડાવતા તેને ગંભીરતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું બનાવના પગલે આજે ડેમ પોલીસના એસઆઈ એચ.વીણીયાએ છકડો રીક્ષા ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# હળવદ-કચ્છ હાઈ-વે પર રોંગ સાઈડમાં આવતા ટ્રેક્ટરે બાઈકને ઠોકરે ચડાવતા બે વૃધ્ધના મોત

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ પંથકમાં આવેલા કચ્છ હાઇવે ઉપર અવાર નવાર અકસ્માત ના બનાવો બની રહ્યા છે ત્યારે શનિવારે રાત્રીના નવ વાગ્યાના સુમારે રોંગ સાઈડમાં આવી રહેલ ટ્રેક્ટર ચાલકે બાઈકને અડફેટે લેતા બે વૃદ્ધ ગંભીર રીતે ઘવાયા હતા જેમાં એકનું મોત ઘટના સ્થળે નીપજ્યું છે જ્યારે અન્ય એક એકને સારવાર દરમિયાન મોત નીપજતા પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે

આ અંગેની માહિતી મુજબ હળવદ હાઇવે પર આવેલ નવા ધનાળા ગામના પાટીયા પાસે રોંગ સાઈડમાં આવી રહેલ ટ્રેકટર ચાલકે બાઈક પર જઈ રહેલ બે વૃદ્ધને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં ગોવર્ધનભાઈ રવજીભાઈ દલવાડી ઉંમર વર્ષ ૬૮નું મોત નીપજ્યું છે જ્યારે ત્રિભોવનભાઈ નાનજીભાઈ દલવાડી ઉંમર વર્ષ ૬૫ને ગંભીર ઈજા પહોંચતા પ્રથમ હળવદ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરેન્દ્રનગર રિફર કરવામાં આવ્યા બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.અત્રે ઉલખનીય છે કે ગોવર્ધનભાઈ અને ત્રિભોવનભાઈ હળવદ શહેરમાં આવેલ સ્વામિનારાયણ મંદિરે શનિવારથી કથાનો પ્રારંભ થતો હોય અને આજે સાંજે પોથીયાત્રા હોય જેથી બંને નવા ધનાળાથી બાઈક લઇ હળવદ આ ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા માટે આવ્યા હતા અને પ્રસાદ લઇ પરત પોતાના ગામ નવા ધનાળા જઈ રહ્યા હતા ત્યારે ગામના પાટીયા પાસે જ અકસ્માત સર્જાયો હતો.

# વિછીયા, જસદણ અને જેતપુરમાં જુગાર રમતા ૧૪ પત્તા પ્રેમી ઝડપાયા

## સ્થાનિક પોલીસે અલગ અલગ ચાર દરોડા પાડી રૂપિયા પોણા લાખની રોકડ કબજે કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

હોળી ધુળેટી ના પર્વ નિમિત્તે કેટલાક શકશો જુગાર રમતા પોલીસે ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી હતી જેમાં વિછીયા જસદણ અને જેતપુરમાં સ્થાનિક પોલીસે દરોડા પાડી ૨૪ પત્તા પ્રેમીઓને દબોચી લઈ પોણા લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

પ્રથમ રેડમાં વિછીયા પોલીસના હેડ કોન્સ્ટેબલ પીવી ડાંગર અને કોન્સ્ટેબલ મુકેશભાઈ સહિતના સ્ટાફે ગુંદાળા ગામની સીમમાં દરોડો પાડી જુગાર રમતો નથુરવજી કટેશીયા મનહર ભીખા કટેશીયા લખમણ ઉકા કુમારખાણીયા કેશુ જીવા કટેશીયા કાળુ ઓલા કટેશીયા શિવા જોગરાજીયા અને ઓઝા મહેરામ કટેશીયા ને દબોચી લઈ રૂપિયા ૧૭,૦૦૦ ની રોકડ કબ્જે કરી છે જ્યારે બીજા બરોડામાં રૂરલ એલસીબી ટીમના પી.એસ.આઇ એચસી ગોહિલ સહિતના સ્ટાફે વાનગીદ્રા ગામની સીમમાં જુગાર રમતો ભુ મશરૂ ડેરવાડીયા કિરીટ ઈશ્વર ડેરવાડીયા પ્રકાશ ના જા મીઠાપરા રાજુ વલ્લભ વાટુકિયા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૨,૫૦૦ નો મુદ્દા માલ કબ્જે કર્યો હતો.

જ્યારે અન્ય બરોડામાં જસદણ પોલીસના હેડ કોન્સ્ટેબલ પીબી વાલાણી સહિતના સ્ટાફે બાખલવડ ગામે ચોરાવાડી શેરીમાં જાહેરમાં જુગાર રમતો સુરેશ જુગા ડાંગર હરેશ કુકા ખસિયા ધર્મેશ સુકા ડાંગર વિમલ ભુપત ડાંગર સાગર વેલજી ડાંગર હરેશ અમરસિંહ પલાડીયા વિશાલ ભુપત ડાંગર સહિત સાત શખ્સોને દબોચી લઈ રોકડા રૂપિયા ૧૫૧૬૦ નો મુદ્દા માલ કબ્જે કર્યો હતો જ્યારે જેતપુર સીટી પોલીસના હેડ કોન્સ્ટેબલ ડીએન ગાજીપરા અને કોન્સ્ટેબલ રઘુભાઈ બકત્રા સહિતના સ્ટાફે નાણાવટી હોસ્પિટલ પાછળ ઉગ્યા શેરીમાં જાહેરમાં જુગાર રમતો ઇરફાન મજીદ લલિત રમેશ સોલંકી ઈસુબ હુસેન ખેડા દિનેશ લક્ષ્મણ સોલંકી હુસેન સલીમ પરેશ હરકિશન આસવાણી સહિત ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૧૬,૩૨૦ નો મુદ્દા માલ કબ્જે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.